# ભૂપેન્દ્રભાઈ કહે છે, કે મુખ્યમંત્રી પદનો મને સહેજે ય અણસાર નહોતો

**પક્ષ દ્વારા તેમના પર જે વિશ્વાસ મૂકવામાં આવ્યો છે તેને પરિપૂર્ણ કરવાનો તેઓ પૂરો પ્રયાસ કરશે : ભૂપેન્દ્ર પટેલ : પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદી, ગૃહમંત્રી અમિતભાઈ શાહ અને ઉત્તર પ્રદેશના રાજ્યપાલ આનંદીબેન પટેલે શુભકામનાઓ પાઠવી હતી**



ગાંધીનગર, તા. ૧૨

રાજ્યના પદનામિત મુખ્યમંત્રી ભૂપેન્દ્રભાઈ પટેલે આજે કમલમ્ ખાતે પોતાની પ્રથમ પત્રકાર પરિષદમાં જણાવ્યુ હતુ કે મને કોઈ અણસાર ન હતો. તમને બધાને ખબર પડી જ ગઈ હશે કે મને અણસાર હતો કે નહિ.

તેમણે પત્રકારોના પ્રશ્ન ગઈકાલે કે સવારે કોઈ સંકેતો હતા કે કેમ તેના ઉત્તરમાં કહ્યુ હતુ કે પાર્ટીની એ પદ્ધતિ જ નથી એટલે પાર્ટી જ્યારે કહે ત્યારે જ ખબર પડે કોઈને પણ ત્યારે જ ખબર પડતી હોય, મને પણ ત્યારે જ ખબર પડી હતી.

ચૂંટણીના પડકારને લઈ પુછવામાં આવેલા પ્રશ્નના ઉત્તરમાં તેમણે કહ્યુ કે ભાજપ એ ચૂંટણીલક્ષી કામ કરવા ટેવાયેલી પાર્ટી નથી. પક્ષના દરેક કાર્યકર્તા પ્રજાની વચ્ચે રહી કામ કરતા રહ્યા છે અને કરતા રહેવાના છે.

તેમણે નવા નેતા તરીકે તેમની પસંદગી અંગે રાષ્ટ્રીય અધ્યક્ષ, પ્રધાનમંત્રી મોદી, ગૃહમંત્રી અમીત શાહનો આભાર માન્યો હતો તેમજ વિદાય લેતા મુખ્યમંત્રી રૂપાણીની ટીમ અને પ્રદેશ પ્રમુખ સી.આર. પાટીલનો પણ આભાર માન્યો હતો. તેમણે કહ્યુ કે પૂર્વ મુખ્યમંત્રી આનંદીબેન પટેલના આશીર્વાદ હંમેશા તેમની પર રહ્યા છે અને રહેશે.

પટેલે જણાવ્યુ હતુ કે વિકાસના જે કામો અધુરા છે તે પક્ષના સંગઠનને સાથે રાખી આગળ ધપાવીશુ અને છેવાડાના માનવી સુધી લાભ પહોંચે તે અમારૂ લક્ષ્ય છે અને રહેશે.

આજે કમલમ્ ખાતે મળેલી ધારાસભ્યોની બેઠકમાં પૂર્વ મુખ્યમંત્રી રૂપાણીએ નવા મુખ્યમંત્રી તરીકે ભૂપેન્દ્રભાઈ પટેલના નામની દરખાસ્ત રજુ કરી હતી.

જેને નીતિનભાઈ પટેલ, ભૂપેન્દ્રસિંહ ચુડાસમા, ગણપતભાઈ વસાવા, કુંવરજીભાઈ બાવળિયા, વાસણભાઈ આહિર, વિભાવરીબેન દવે, આત્મારામભાઈ પરમાર, પૂર્ણેશભાઈ મોદી, અર્જુનસિંહ ચૌહાણે સમર્થન કર્યુ હતુ.

# નીતિન પટેલથી મુખ્યમંત્રી પદ ફરી વેંત છેટું રહી ગયું

**નીતિન પટેલનું નામ મુખ્યમંત્રી પદ માટે ટોપમાં ચાલતું હતું : રૂપાલા અને મનસુખ માંડવિયા, પ્રફુલ્લ પટેલ, ભાજપના ઉપાધ્યક્ષ ઝડફિયા વગેરેના નામ પણ ચર્ચામાં હતા**

અમદાવાદ, તા.૧૨

રાજ્યના મુખ્યમંત્રી વિજય રૂપાણીના રાજીનામા બાદ નવા મુખ્યમંત્રીના નામને લઈને ઘણી બધી અટકળો વચ્ચે ભાજપે ફરી બધાને



ચોંકાવ્યા હતા અને અમદાવાદના ઘાટલોડિયાના ધારાસભ્ય ભૂપેન્દ્ર પટેલ પર પસંદગીનો કળશ ઢોળ્યો હતો. જ્યારેથી રૂપાણીએ રાજીનામુ આપ્યું હતું ત્યારથી રાજ્યમાં નવા મુખ્યમંત્રી તરીકે કોઈ પાટીદાર ચહેરો મુકાશે તેવું ચર્ચાતું હતું. તેના માટે નીતિન પટેલનું નામ સૌથી ટોપ પર હતું. આ ઉપરાંત કેન્દ્રીય મંત્રી પુરુષોત્તમ રૂપાલા અને મનસુખ માંડવિયા, પ્રફુલ્લ પટેલ, ભાજપના ઉપાધ્યક્ષ ગોરધન ઝડફિયા વગેરેના નામ પણ ચર્ચામાં હતા. છેલ્લી ઘડીએ તો આરસી ફળદુનું નામ પણ ચર્ચામાં આવ્યું હતું. જોકે, બધાના નામો એકબાજુએ રહ્યા હતા અને એક નવું જ નામ જાહેર કરાયું છે. નીતિન પટેલથી ફરી મુખ્યમંત્રી પદ વેંત છેટું રહી ગયું છે. ગુજરાતના રાજકારણમાં પાટીદાર પાવર સામે ભાજપના હાઈકમાન્ડે નમતું જોખવુ પડ્યું છે તેમાં કોઈ બેમત નથી, પરંતુ પોતાની આદત મુજબ, પીએમ મોદી અને કેન્દ્રીય ગૃહ મંત્રી અમિત શાહની જોડીએ એક વખત બધાને ચોંકાવતા ભૂપેન્દ્ર પટેલનું નામ મુખ્યમંત્રી પદે જાહેર થયું. નીતિન પટેલનું નામ લગભગ ફાઈનલ જ હોવાનું છેક છેલ્લી ઘડી સુધી મનાતું હતું, પરંતુ તેમને ફરી વખત નિરાશા હાથ લાગી છે.

ગાંધીનગર ખાતે ભાજપના હેડ ક્વાર્ટર કમલમમાં મળેલી ભાજપની કોર કમિટીની બેઠક

● અનુસંધાન પાન-૭ પર

# આખા રાજ્યમાં આજે ગાંધીનગર મનપાની વેક્સિનેશનમાં સૌથી નબળી કામગીરી

ગાંધીનગર, તા. ૧૨

ગાંધીનગર મનપા વિસ્તારમાં કોરોનાના પ્રતિકાર માટે ચાલી રહેલા રસીકરણ અભિયાનમાં આજે સૌથી નબળો પ્રતિસાદ મળ્યો હતો.

ગાંધીનગર મનપામાં આજે મળેલો સૌથી ઓછો પ્રતિસાદ પ્રથમવાર છે. આજે માત્ર ૧૭૭ લોકોને જ આ અભિયાનમાં આવરી લેવામાં આવ્યા હતા.

આખા રાજ્યમાં આજે નબળો પ્રતિસાદ મળ્યો છે. આજે રાજ્યમાં પણ ૧,૭૪,૩૭૭ લોકોને જ આવરી લેવાયા હતા. આખા રાજ્યમાં સૌથી નબળો પ્રતિસાદ ગાંધીનગરમાં મળ્યો છે તે પણ નોંધનીય છે. રાજ્યમાં પાંચ સ્થાનોએ સૌથી નબળો પ્રતિસાદ મળ્યો છે. તેમાં જામનગર મનપા, જૂનાગઢ મનપા, પોરબંદર અને તાપીનો સમાવેશ થાય છે. જૂનાગઢ મનપા અને ગાંધીનગર મનપામાં ૨૦૦ થી પણ ઓછા લોકોને આવરી લેવાયા હતા.

મળતી વિગતો મુજબ આજે રવિવારની રજાનો દિવસ હોવાથી પણ નબળો પ્રતિસાદ મળ્યો છે. જો કે ગાંધીનગરમાં કોવિક્સન વેક્સિન આપવાની જાહેરાતને પગલે મોળો પ્રતિસાદ મળ્યાની વાતો પણ બહાર ચર્ચામાં સાંભળવા મળી હતી.

ગાંધીનગર જિલ્લાના ગ્રામ્ય વિસ્તારમાં આજે ૩૮૬૦ લોકોને આવરી લેવાયા હતા. રાજ્યના આરોગ્ય કમિશનરે આગામી ૨જી ઓક્ટો. સુધી વેક્સિનના પ્રથમ ડોઝની ૧૦૦ ટકા કામગીરી મહત્તમ ગ્રામ્ય વિસ્તારમાં પુરી થાય તે માટે ભાર મુક્યો હતો.

ગાંધીનગર મનપાએ તો ૨જી ઓક્ટો. સુધીમાં શહેરમાં ૧૦૦ ટકા વેક્સિનેશન પ્રથમ ડોઝનું પૂર્ણ થાય તેવો લક્ષ્યાંક રાખ્યો છે. આજે મળેલા નબળા પ્રતિસાદને પગલે તંત્રમાં થોડીક નિરાશા જરૂર વ્યાપી છે જો કે તંત્રના સૂત્રોનું માનીએ તો ચાલી રહેલ પર્વોની ઉજવણી અને આજની જાહેર રજાને કારણે નબળો પ્રતિસાદ જરૂર મળ્યો છે પણ હવે આ કામમાં ગતિ આવશે.

# સૌથી વધુ માર્જિનથી ચૂંટણી જીત્યા હતા ભૂપેન્દ્ર પટેલ

**૨૦૧૭માં પહેલીવાર વિધાનસભા ચૂંટણી લડી હતી : પ્રથમ ચૂંટણીમાં ૧,૧૭,૭૫૦ મતની જંગી સરસાઈ સાથે વિજેતા બન્યા હતા : સૌથી વધુ મત સાથે વિજય મેળવ્યો**

અમદાવાદ, તા.૧૨

વિજય રૂપાણીના રાજીનામા બાદ ગુજરાતના નવા મુખ્યમંત્રી કોણ બનશે તે સસ્પેન્સનો રવિવારે સાંજે જ આવી ગયો છે. ઘાટલોડિયાના ધારાસભ્ય ભૂપેન્દ્ર પટેલને ગુજરાતના નવા મુખ્યમંત્રી બનાવવામાં આવ્યા છે. આ સાથે જ લોકોને આશ્ચર્ય પણ થયું છે કેમ કે રૂપાણીના રાજીનામા બાદ ઘણાના નામો ચર્ચાઈ રહ્યા હતા પરંતુ ભૂપેન્દ્ર પટેલ મુખ્યમંત્રી બનશે તેવી કોઈએ કલ્પના પણ નહીં કરી હોય. જોકે, વડાપ્રધાન નરેન્દ્ર મોદીએ માસ્ટર સ્ટ્રોક મારવા માટે જાણીતા છે અને આ વખતે તેમણે વધુ એક માસ્ટર સ્ટ્રોક માર્યો છે.

ભૂપેન્દ્ર પટેલ ૨૦૧૭માં ઘાટલોડિયા વિધાનસભા બેઠક પરથી પ્રથમ વખત ચૂંટણી લડ્યા હતા. પ્રથમ ચૂંટણીમાં જ તેઓ ૧,૧૭,૭૫૦ મતની જંગી સરસાઈ સાથે વિજેતા બન્યા હતા. ગુજરાતમાં તેમણે સૌથી વધુ મત સાથે વિજય મેળવ્યો હતો. તેઓ ૧૯૯૯-૨૦૦૦ તથા ૨૦૦૪-૦૫ સુધી મેમનગર નગરપાલિકાના ચેરમેન રહ્યા હતા. જ્યારે ૨૦૧૦થી ૨૦૧૫ સુધી અમદાવાદ મ્યુનિસિપલ કોર્પોરેશનની સ્ટેન્ડિંગ કમિટીના ચેરમેન રહ્યા હતા. ૧૫ જુલાઈ ૧૯૬૨માં જન્મેલા ભૂપેન્દ્ર રજનીકાંત પટેલનો જન્મ અમદાવાદમાં થયો છે. તેઓ અંડર ગ્રેજ્યુએટ

● અનુસંધાન પાન-૭ પર

# આજે મનપાની ચૂંટણીનું જાહેરનામુ પ્રસિદ્ધ થશે

**વોર્ડ ૮ અને ૯ માં બસપા અને આપના ઉમેદવારો ઉમેદવારી પત્ર રજુ કરી શકશે : ચૂંટણી પંચ**

ગાંધીનગર, તા. ૧૨

ગાંધીનગર મહાનગર પાલિકાની વોર્ડ નં. ૮ અને ૯ તેમજ તાલુકા પંચાયતની આદરજ મોટી બેઠક અને માણસા નગરપાલિકાની એક બેઠકની પેટા ચૂંટણી માટે આજે વિધિવત્ જાહેરનામુ પ્રસિદ્ધ થશે.

આજે જાહેરનામુ પ્રસિદ્ધ થતાં જ આ ચૂંટણી માટે ઉમેદવારી પત્ર ભરવાની પ્રક્રિયાનો પણ પ્રારંભ થશે. વોર્ડ નં. ૮ અને વોર્ડ નં. ૯ માં માન્ય રાજકીય પક્ષના હરિફ ઉમેદવારોના થયેલા દુઃખદ અવસાનને પગલે બસપા અને આપના ઉમેદવારો દ્વારા નવા ફોર્મ રજુ કરી શકાશે.

આદરજ મોટી બેઠકના સભ્ય જિલ્લા પંચાયતમાં વિજયી થતાં તેમણે રાજીનામુ આપતાં આ બેઠકની પેટા ચૂંટણી યોજાઈ રહી છે. રાજ્ય ચૂંટણી પંચે આ અંગેનો વિધિવત્ કાર્યક્રમ જાહેર કરી દીધો છે. ઉમેદવારી પત્ર ભરવાની અંતિમ તારીખ ૧૮ સપ્ટેમ્બર નિયત કરવામાં આવી છે. જ્યારે ૨૦ મીએ ઉમેદવારી પત્રોની ચકાસણી થશે અને ઉમેદવારી પત્ર પાછા ખેંચવાની અંતિમ તારીખ ૨૧ સપ્ટેમ્બર રહેશે.

૩જી ઓક્ટો.-૨૦૨૧ના રોજ આ બધી ચૂંટણીઓ માટે મતદાન યોજાવાનું છે.

# આજે જિલ્લાના પ્રભારી સચિવ જિલ્લાના અધિકારીઓ સાથે સમીક્ષા બેઠક કરશે

ગાંધીનગર, તા. ૧૨

ગાંધીનગર જિલ્લાના પ્રભારી સચિવ આજે જિલ્લા કલેક્ટર કચેરી ખાતે મુલાકાતે આવી રહ્યા છે. પ્રભારી સચિવ આજે જિલ્લાના અધિકારીઓ સાથે જિલ્લાતંત્રને વધુ પ્રજાભિમુખ બનાવવાના મુદ્દે ગોલ આધારિત અમલી વહીવટીય પ્રથા અંગેની સમીક્ષા કરશે.

મળતી વિગતો પ્રમાણે કલેક્ટર કચેરી ખાતે યોજાયેલ બેઠકમાં તેઓ શોર્ટ ટર્મ ગોલ, લોંગ ટર્મ ગોલને લઈ વાતચીત કરનાર છે. આ માટે જિલ્લાના વિવિધ વિભાગો દ્વારા ખાસ પ્રેઝન્ટેશન પણ તૈયાર કરવામાં આવ્યા છે.

આ બેઠકમાં વેક્સિનેશન અભિયાન તેમજ કોરોનાની સંભવિત ત્રીજી લ્હેર માટે કરાયેલ તૈયારીઓની સમીક્ષા, સ્કૂલ ઓફ એક્સલન્સ પ્રોજેક્ટ્સને લઈ કરવામાં આવેલી તૈયારીઓ તેમજ સરકારની વિવિધ યોજનાઓના અમલીકરણ અંગે પણ સમીક્ષા કરવામાં આવનાર છે.

જિલ્લાતંત્ર દ્વારા આ અંગે તડામાર તૈયારીઓ કરી દેવામાં આવી છે. આ ઉપરાંત જિલ્લામાં વરસાદ અને પાણીની સ્થિતિ અંગે પણ ખાસ સમીક્ષા કરવામાં આવશે. જિલ્લામાં વૃક્ષારોપણના કાર્યક્રમ દ્વારા વાવેતર થયેલા વૃક્ષો અને તેની માવજત માટેના આયોજનમાં લોકભાગીદારીના અભિગમ અંગે પણ ચર્ચાઓ થશે.

# ભાટના સમેલ બંગ્લોઝ પાસેથી તસ્કરો લાઈટના કેબલ ચોરી ગયા

ગાંધીનગર તા ૧૨

ગાંધીનગર નજીક ભાટ પાસે સ્થિત સુમેલ બંગ્લોઝ પાસેથી સ્ટ્રીટ લાઈટના કેબલની ઉઠાંતરી થઈ છે. આ અંગે અડાલજ પોલીસ મથકે ફરિયાદ નોધાઈ છે. તસ્કરો હવે ઘર ફોડ ચોરીની સાથે સ્ટ્રીટ લાઈટના કેબલ અને બેટરી પણ ચોરવા માટે એક્ટિવ બન્યા છે. જેથી સ્ટ્રીટ લાઈટની સેવાને પણ વિપરિત અસર થઈ છે.

શહેરના સેકટરોમાં સ્ટ્રીટ લાઈટના થાંભલાના ઢાંકણો પણ ચોરી થઈ જાય છે જેના લીધે સ્ટ્રીટ લાઈટના થાંભલા જોખમી હાલતમાં જોવા મળે છે. આ ઉપરાંત બેટરીથી ચાલતી લાઈટના બોક્ષ ખોલી બેટરી ચોરી કરવા માટે પણ ચોર ટોળકી સક્રીય થઈ છે. જયારે શહેર તેમજ અન્ય નજીકના વિસ્તારમાં પણ સ્ટ્રીટ લાઈટના કેબલ તેમજ બેટરી ચોરવા માટે તસ્કરો તકનો લાભ ઉઠાવતા હોવાની ફરિયાદો વધી છે. ગાંધીનગર નજીકના ભાટ ગામમાં સુમેલ બંગ્લોઝ પાસે કેબલ ચોરીનો બનાવ બન્યો છે. હેમરાજભાઈ મફાભાઈ રાણાએ અડાલજ પોલીસ મથકે ફરિયાદ નોંધાવી છે. જેમાં જણાંવ્યા મુજબ ૧૦ મીટર વાયર દિવાલના ટેકે હતો જે કોઈ ચોર ઈસમ ઉઠાવી પલાયન થઈ ગયુ છે. અડાલજ પોલીસે આ અંગે ગુન્હો નોંધી વધુ તપાસ હાથ ધરી છે.

# પાટનગરમાં નાટકીય ઘટનાક્રમ સાથે ઉત્તેજનાનો માહોલ સર્જાયો

**દિવસભર શહેરમાં સાયરનોની ગૂંજ સંભળાઇ : સૌની નજર ટીવી અને મોબાઇલ સ્ક્રિન પર ચોંટેલી રહી : તમામ પક્ષોના ચુંટણી કાર્યાલયો પર પણ માત્ર એક જ ચર્ચા જોવા મળી**





ગાંધીનગર, તા.૧૨

આજે પાટનગરમાં સવારથી જ રાજ્યના નવા મુખ્યમંત્રી કોણ બનશે તે યક્ષ પ્રશ્નને પગલે ઉત્તેજનાનો માહોલ છવાયો હતો અને ભાજપ પ્રદેશ કાર્યાલય કમલમ્ ખાતે જ્યારે ભાજપના ગુજરાતના પ્રભારી ભૂપેન્દ્ર યાદવે જ્યાં સુધી નામ જાહેર કર્યુ ત્યાં સુધી નેતાઓથી માંડીને કાર્યકરો સુધીમાં ભારે અવઢવ જોવા મળી હતી. જ્યારે રાજ્યના મુખ્યમંત્રી તરીકે સૌની અપેક્ષા કરતાં વિરુદ્ધ ઘાટલોડીયાના ધારાસભ્ય ભૂપેન્દ્ર પટેલનું નામ જાહેર કરાયું ત્યારે ચારેકોર આશ્ચર્યનું મોજું ફરી વળવા પામ્યું હતું. સોશિયલ મિડીયા પર જ્યારે આ સમાચાર પ્રસર્યા ત્યારે એક તબક્કે કોઇને વિશ્વાસ આવ્યો નહોતો. ભૂપેન્દ્ર પટેલનું નામ જાહેર થવા સાથે જ સતત બે દિવસથી પ્રવર્તી રહેલા ઘટનાક્રમનો અંત આવ્યો હતો પરંતુ તે સાથે જ ચારેકોર ચહલપહલ પણ મચી જવા પામી હતી. દિવસભર શહેરમાં સાયરનોની ગૂંજ સંભળાઈ હતી.

સવારથી જ પાટનગરમાં ગાડીઓની દોડાદોડ સાથે અનેકપ્રકારના ઘટનાક્રમ જોવા મળ્યાં હતા. કોબા ખાતે કમલમ્ કાર્યાલય પર સવારથી જ ભાજપના કાર્યકરો અને રાજ્યભરમાંથી નેતાઓનો જમાવડો થવા લાગ્યો હતો. સવારે ભાજપ પ્રદેશ પ્રમુખ સી.આર.પાટીલના સેક્ટર-૯ ખાતેના નિવાસસ્થાને પાર્ટીના વરિષ્ઠ

● અનુસંધાન પાન-૭ પર

# નીટના પ્રશ્નપત્રો વિદ્યાર્થીઓ માટે લેન્ધી અને અઘરા પુરવાર થયા

**બાયોલોજીનુ પેપર એકંદરે સરળ જયારે ફિઝિક્સ કેમેસ્ટ્રીટમાં ગણતરીવાળા પ્રશ્નો વધુ પુછાતા વિદ્યાર્થીઓને સમય ખુટયો : પેપર સ્ટાઇલ પણ આંશિક બદલાવ**

ગાંધીનગર તા ૧૨

ધો -૧૨ વિજ્ઞાન પ્રવાહની પરીક્ષા રદ થયા બાદ વિદ્યાર્થીઓ નીટની મહત્વની પરીક્ષા સંદર્ભે તૈયારીમાં લાગી ગયા હતા. મેડિકલમાં પ્રવેશ માટે અત્યંત મહત્વની અને મુખ્ય આ પરીક્ષા વિદ્યાર્થીઓ માટે એકંદરે અઘરી અને લેન્ધી પુરવાર થઈ હતી. બાયોલોજીનુ પેપર સરળ રહ્યુ હતુ જયારે ફિઝિક્સ અને કેમેસ્ટ્રીના પ્રશ્નપત્રમાં ગણતરીના પ્રશ્નો વધુ પુછાતા વિદ્યાર્થીઓનો સમય ખુટયો હતો.

નીટની પરીક્ષા વિદ્યાર્થીઓ માટે લેન્ધી અને પ્રમાણમાં અઘરી પુરવાર થઈ હતી. કોરોના કાળમાં પણ વિદ્યાર્થીઓ માટે નીટના પ્રશ્નપેપરો સરળ નિકળશે તેવી વિદ્યાર્થીઓમાં આશા બંધાઈ હતી જો કે આ વર્ષે તમામ કોલેજોમાં પ્રવેશ માટે એક જ પરીક્ષા કરી દેવાતા પ્રશ્નપત્રની સ્ટાઈલ પણ બદલાઈ છે. આ અંગે કિશોર કલાસીસના વિષય નિષ્ણાંત બલવંતસિંહ રાજપુતે માહીતી આપતા જણાંવ્યુ હતુ કે નીટની પરીક્ષાને અનુલક્ષી ફીઝિક્સ , કેમેસ્ટ્રી અને બાયોલોજી સહીતના ત્રણેય વિષયોમાં કુલ ૧૮૦ ના બદલે ૨૦૦ પ્રશ્નો પુછાયા હતા.જયારે ફીઝિકસ અને કમેસ્ટ્રીમાં પાંચ પ્રશ્નો અને બાયોલોજીમાં ૧૦ પ્રશ્નો વૈક્લ્પિક રહ્યા હતા. આ ત્રણેય પ્રશ્નપત્રો પૈકી બાયોલોજીનુ પ્રશ્નપત્ર સરળ રહ્યુ હતુ. પરંતુ ભૌતિક વિજ્ઞાનના પ્રશ્નો ગણતરીવાળા વધુ પુછાતા અઘરા પુરવાર થયા હતા.

● અનુસંધાન પાન-૭ પર

**Female Home Tutor Requirement**

A Female candidate, having basic knowledge of English, Computer and can guide 3rd Standard kid in online Class, offline studies and uploading/downloading of documents/content from online portal is invited to submit her interest with bio data and expected salary within a week to **rudrijns@gmail.com.** Timings will be 10:30 am. to 5:00 pm. at Home in Raysan area, Gandhinagar.

www.capitaloffset.in
કેપિટલ ઓફસેટ®
AN ISO 9001:2015 Certified Company
મલ્ટીકલર ઓફસેટ પ્રિન્ટીંગ
રજિ. ઓફિસ : પ્લોટ નં. એલ-૮૦૧/૧, ૨, જી.આઈ.ડી.સી. એન્જીનીયરીંગ એસ્ટેટ, સેકટર-૨૮, ગાંધીનગર.
મો. : ૯૮૨૫૦ ૩૮૩૭૮, ૯૬૩૮૧ ૮૩૮૩૮, ૯૯૨૫૨ ૩૫૪૫૮
E-mail : capitaloffsetgujarat@gmail.com
ઓફિસ : ૬૦૩ - ૬૦૪, ૬ઠ્ઠો માળ, હવેલી આર્કેડ કોમ્પ્લેક્ષ, હોટલ હવેલીની પાસે, રાધે સ્વીટની ઉપર, સેકટર-૧૧, ગાંધીનગર
ફોન : ૦૭૯-૨૩૨ ૪૩૬૨૩, મો ૯૬૩૮૧ ૮૩૮૩૮, ૯૯૨૫૨ ૩૫૪૫૯
બ્રોશર, લીફલેટ, મેગેજીન, પત્રિકા, સોવિનિયર, વાર્ષિક અહેવાલ, ન્યુઝ લેટર તથા દરેક પ્રકારનું મલ્ટીકલર ઓફસેટ પ્રિન્ટીંગ તથા ગ્રાફિક્સ ડિઝાઈનીંગ

ઓથો. સ્ટોકિસ્ટ ગાંધીનગર ડીસ્ટ્રીક્ટ...
જગદીશ સ્ટીલ સ્ટોર્સ
પ્લોટ નં. ૧૬૯, પેટ્રોલ પંપની સામે, સેક્ટર-૨૧, ગાંધીનગર.
ફોન : (ઓ) ૨૩૨૨૧૨૧૪, ૨૩૨૨૬૦૦૮,
મો. ૯૮૨૪૨૩૭૦૦૮ (ઘર) ૨૩૨૬૦૯૫૬
શાખા :
સેક્ટર-૩ડી, ઘ-૨ સર્કલ પાસે, ઘ-રોડ, ગાંધીનગર.
ફોન : ૨૩૨૨૭૦૦૮, ૯૮૨૫૪૩૨૧૮૬
સેક્ટર-૨૬, ટાટા ચોકડી પાસે, કોલવડા રોડ, ગાંધીનગર.
ફોન : ૨૩૨૮૭૩૨૨
સિમેન્ટ, TMT (ISI) સ્ટીલ, સેનેટરી, હાર્ડવેર, કપચી, ગ્રીટ, મેટલ, PVC (કિસાન) ગ્રેપાઈપ (જીન્દાલ/ટાટા), ઈંટો, ટાટા પતરા, સિન્ટેક્ષ વોટર ટેન્ક, સોલાર તથા બિલ્ડીંગ મટીરીયલ્સ

Govt. of India Regd. No. 38383 / 82 માલિક - પ્રકાશક - મુદ્રક : પ્રાર્થના પ્રકાશન વતી ભાસ્કર પ્રિન્ટીંગ પ્રેસ, બાવળા હાઈવે, ચાંગોદર ખાતે છાપ્યું, બ્લોક નં. ૬૮૪/૧, સેક્ટર-૮, ગાંધીનગર ખાતેથી પ્રસિદ્ધ કર્યું. તંત્રી : કૃષ્ણકાન્ત જહા. ફોન : ૨૩૨૨૨૫૭૧, ફેક્સ : ૨૩૨૩૦૫૭૧ E-mail : gandhinagarsamachar@gmail.com